# **રૂફટોપ સોલર પ્રોજેક્ટ**

**ગુજરાત સરકારે ઘર વપરાશ માટેની સોલર રૂફ ટોપ સિસ્ટમ માટેની સબસીડી યોજના પરીપત્ર ક્રમ નં. G. R. No. SLR-11/2015/401/B તા.૩૧.૦૩.૨૦૧૬ થી જાહેર કરેલ છે. આ યોજના અંતર્ગત ૧ લાખ ઘરોને સોલર રૂફ ટોપ સિસ્ટમ દ્વારા આવરી લેવામાં આવશે. આ યોજના નાં મુખ્ય મુદ્દાઓ નીચે પ્રમાણે છે:**

- વીજ વિતરણ કંપની (DISCOM) નો કોઈ પણ રહેણાંક ક્ષેત્રનો ગ્રાહક, પોતાની છત પર સોલર રૂફ ટોપ સિસ્ટમ ગોઠવાવી શકશે.
- સિસ્ટમની ક્ષમતા ઓછામાં ઓછી ૧ કિ.વો.ની હોવી જોઈએ.
- આ યોજના હેઠળ ગુજરાત સરકારની કિ.વો દીઠ રૂા.૧૦,૦૦૦ લેખે મહત્તમ રૂા.૨૦,૦૦૦ સબસીડી મળવાપાત્ર છે અને કેન્દ્ર સરકાર તરફથી રૂા.૨૦,૭૦૦ પ્રતિ કિલોવોટ જેટલી સબસીડી મળવા પાત્ર છે.
- આશરે રૂા. ૬૯,૦૦૦ કિંમતની એક કિલોવોટ ક્ષમતાની રૂફટોપ સોલર સિસ્ટમ, રાજ્ય અને કેન્દ્ર સરકાર સબસીડી બાદ કરતા આશરે રૂા. ૪૧,૦૦૦ ના રોકાણથી લાભાર્થી ગોઠવાવી શકે છે.
- કિ.વો દીઠ માસિક આશરે ૧૨૦ યુનિટ વીજ ઉત્પાદન થશે, જેથી લાભાર્થીનું વીજ બિલ ઘટશે.
- વપરાશ ઉપરાંતની ગ્રીડમાં આપેલ વધારાની વીજળીનું વળતર વીજ કંપની ધ્વારા સરેરાશ દરેક લાભાર્થીને બીજા મહિના ના વીજ બિલમાં ક્રેડિટ આપવામાં આવશે.
- લાભાર્થીએ જેડા-માન્ય ઉત્પાદક મારફત્ત નિયત અરજીપત્રકમાં જેડામાં અરજી કરી નોંધણી નંબર મેળવી લેવાનો રહેશે.
- લાભાર્થીએ સંબંધિત DISCOM સાથે જોડાણ અને નેટ મીટરીંગ કરાર કર્યા પછી સિસ્ટમ કાર્યરત કરવાની રહેશે.